નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધિન મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: WCDD/ICD/CourtCase/23/2023/0505/Legal Cell

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

1. નામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/351/2023 in SCA/4381/2020**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજનું ઓરલ જજમેન્ટ.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો હુકમ ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૨૦/૧૧૨૬/બ૧, તા.૨૩/૧૦/૨૦૨૦.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો હુકમ ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૧૯/૫૦૦૧/બ૧, તા.૨૪/૦૩/૨૦૨૦.

//હુકમ//

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલ જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૦૨ પીટીશનરોને મુખ્યસેવિકાની સેવામાં ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦/- ના પગારધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૨) અને (૩) પરના વિભાગના હુકમોથી નીચે મુજબના કુલ:૦૨ પીટીશનરોનું મુખ્યસેવિકાઓને પાત્રતાની તારીખથી પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજુર કરેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ:૦૨ પીટીશનરોને ચુકાદા અનુસાર પ્રથમ ઉચ્ચતર પગારધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્યસેવિકાઓનું પ્રથમ ઉચ્ચતર પગાર મંજૂર કરવામાં આવે છે:

૨/- નીચે મુજબના કુલ:૦૨ પીટીશનરોને મુખ્યસેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ કર્યેથી પ્રથમ ઉચ્ચતર પગારધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ (છઠ્ઠા પગાર પંચ મુજબ પગારધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦)ના પગારધોરણમાં નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે. આ મંજૂરી વિભાગ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટના **SCA/4381/2020**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ ચુકાદા સામે વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | મુખ્ય સેવિકા/ સીડીપીઓનું નામ | મુળ નિમણૂકની તારીખ | LWP | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | મળવાપાત્ર પ્રથમ ઉપધોની પાત્રતા તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૦૧ | સુશ્રી વિનોદબાળા બી.રાવલ | ૦૬-૧૨-૮૫ | ૦ | ૦૫-૧૨-૯૪ | ૦૬-૧૨-૯૪ | આમુખ-૨ |
| ૦૨ | સુશ્રી મોહિનીબેન કે.બ્રહ્મભટ્ટ | ૧૫-૧૧-૮૮ | ૦ | ૧૪-૧૧-૯૭ | ૧૫-૧૧-૯૭ | આમુખ-૩ |

૩/- ઉક્ત કર્મચારી/અધિકારીઓનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે:

1. પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી રૂ.૨૦૦૦-૩૫૦૦ (છઠ્ઠા પગાર પંચ મુજબ પગારધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) ના પગારધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2. આ મંજૂરી નામ. ગુજરાત હાઈકોર્ટના **SCA/4381/2020**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના ચુકાદાની સામે વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.
3. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
4. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએનામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/351/2023 in SCA/4381/2020**ના કેસમાં આપેલ ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૧/૦૪/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આઈ. લેઉવા)

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.04.27
17:02:08 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.સુરેંદ્રનગર/ખેડા.
4. મુખ્ય સરકારી વકિલશ્રીની કચેરી, નામ.ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
5. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.સુરેંદ્રનગર/ખેડા.
6. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.સુરેંદ્રનગર/ખેડા.
8. સબંધિત મુખ્યસેવિકા/સીડીપીઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, ............)
9. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.04.27
17:02:08 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign